**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૭ ટકા

# આજે શહેરમાં મહાશિવરાત્રી ભાવપૂર્વક ઉજવાશે

## શહેરના શિવાલયોમાં ઘંટારવ સાથે 'હર હર મહાદેવ'નો નાદ ગૂંજી ઉઠશે : અનેક ઠેકાણે વિશેષ પૂજા અર્ચન સાથે મહાઆરતીના આયોજનો : બ્રહ્માકુમારી દ્વારા બરફના અમરનાથ દર્શન : ભોળાનાથને વિવિધ અભિષેક-ભોગ ચડાવાશે

ગાંધીનગર, તા.૧૦

આવતીકાલે સમગ્ર ગાંધીનગરમાં મહાશિવરાત્રીનું પાવન પર્વ ભાવપૂર્વક ઉજવાશે તે સાથે શહેરોના શિવાલયમાં આરતી-અભિષેક-પૂજા અને દર્શન સાથે ઘંટરાવ ગૂંજી ઉઠશે. આ સાથે શહેરમાં બરફના અમરનાથ દર્શન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે પરંતુ કોરોના મહામારીના પગલે લોકમેળાના આયોજનો થવાના ના હોવાથી શ્રધ્ધાળુઓમાં થોડો નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.



શહેરમાં ગુરૂવારે સવારથી શ્રધ્ધાળુઓ ભગવાન ભોળાનાથના મંદિરોમાં પૂજા અર્ચના તથા અભિષેક માટે પહોંચી જશે તેમાં ભાવિકો દ્વારા શિવલિંગ પર જલાભિષેક, દુગ્ધાભિષેક, બીલીપત્ર, શેરડીનો રસ, ધતુરો, મધ, તલ, ઘી, પુષ્પો સહિતના વિવિધ દ્રવ્યોનો અભિષેક કરવામાં આવશે. શહેરના મોટાભાગના મંદિરોમાં બપોરે ૧૨ કલાકે શિવજીની મહાઆરતી કરાશે. શહેરના સેકટર-૨૨ ખાતેના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિર ઉપરાંત સાબરમતી નદીના કિનારે પૌરાણિક ધોળેશ્વર મહાદેવના દર્શને દર્શનાર્થીની ભીડ જામશે. આ ઉપરાંત શહેરના સેકટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ, સેકટર-૬માં ચંદ્રમૌલેશ્વર મહાદેવ અને ભુવનેશ્વર મહાદેવ, સેકટર-૧૬માં સોમનાથ મહાદેવ, સે-૩માં રામેશ્વર મહાદેવ, સેકટર-૨૧ ચ-૬ કોર્નરે વૈજનાથ મહાદેવ, સેકટર-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ તથા વાવોલના સિધ્ધનાથ મહાદેવના મંદિરે મહાશિવરાત્રી નિમિત્તે ભગવાન શિવજીને વિશેષ પૂજા આરતી સાથે ભોગ ધરાવાશે. શિવાલયોને પુષ્પોની રંગોળીથી સજાવવામાં આવશે તેમજ ભકતોને શિવપ્રિય ભાંગની પ્રસાદીનું વિતરણ કરાશે. આ સાથે શહેરમાં અનેક સ્થળે ભજનો, શિવધુન તેમજ સુંદરકાંડના પાઠ વગેરેના આયોજનો પણ કરવામાં આવ્યા છે.

આ સાથે શહેરમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્રો દ્વારા બરફના શિવલિંગ બનાવી અમરનાથ દર્શન ઉપરાંત આધ્યાત્મિક પ્રદર્શનો અને શિવ અવતરણ આધારિત વિડીયો ફિલ્મના નિર્દેશન જેવા આયોજનો પણ કરવામાં આવ્યા છે. મહાશિવરાત્રીના આ પાવન પર્વે શહેરના શિવાલયો હર હર મહાદેવના નારાથી ગૂંજી ઉઠશે.

### ચુંટણીની રેલી-સભા-સરઘસો યોજયાં પણ શિવરાત્રીના મેળા પર રોકથી નારાજગી

છેલ્લાં કેટલાક દિવસોથી રાજય અને શહેરમાં પણ કોરોના મહામારીના કેસોમાં ઘટાડા સાથે વેકિસનેશન ડ્રાઈવ પણ સારી રીતે ચાલી રહી હોવાથી રાહત અનુભવાઈ રહી છે. જો કે આ રાહતનો લાભ લઈને રાજકીય પક્ષોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં રેલીઓ-સભા-સરઘસો યોજવામાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનને નેવે મુકી દીધી હતી પરંતુ હવે સરકારે મહાશિવરાત્રીના પર્વે પરંપરાગત રીતે યોજાતા લોકમેળાના આયોજન પર રોક લગાડતાં શ્રધ્ધાળુ જનતામાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સત્તાધીશો દ્વારા વિધાનસભાના સત્રથી માંડીને મહિલા શિબિરો કે જાહેર કાર્યક્રમો તેમજ ક્રિકેટ મેચો સુધ્ધાં ગાઈડલાઈનના નામ પુરતાં પાલનના દેખાડા સાથે યોજવામાં વાંધો આવતો નથી પરંતુ જયાં પ્રજાની આસ્થા સંકળાયેલી છે તેવા તહેવારોને ગાઈડલાઈન સાથે પણ યોજવા દેવામાં કરાતાં ઠાગાઠૈયા પ્રજાના મનમાં રોષ જન્માવી રહ્યા છે.

**જન્મદિને વધામણી**



શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦



નિમિષા શુક્લ
લાયોનેસ કલબ



ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



શિવમ એન પરમાર
મો. ૭૧૨૭ ૩૩૩૧૬



રાવલ તેજ હાર્દિકકુમાર

# શહેરમાં મહિલાઓ માટે કેન્સર નિદાન કેમ્પ અને ફેમીના કાર્નિવલ યોજાયા

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા વિશ્વ મહિલા દિવસની વિશિષ્ઠ ઉજવણી કરાઈ






ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા અમદાવાદ ખાતેની ગુજરાત કેન્સર રીસર્ચ સોયાયટીના સંયુક્ત ઉપક્રમે સેકટર-૭માં ચૌધરી નર્સીંગ કોલેજ ખાતે મહિલાઓના સ્વાસ્થ્યની સંભાળ અને કાળજીના ભાગ રૂપે વિના મૂલ્યે કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ ગર્ભાશય અને સ્તનની તપાસના અનુક્રમે પેપ સ્મીયર ટેસ્ટ અને મેમોગ્રાફી કરાવ્યા હતા. આ ઉપરાંત સેક્ટર-૭ની લગ્નવાડી ખાતે ફેમિના કાર્નિવલ નામે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેકવિધ આકર્ષણો થકી નાની બાળકીથી માંડીને વૃધ્ધા સુધી તમામ ઉંમરની મહિલા શક્તિએ ભાગ લઈ આનંદ કર્યો હતો.

કેન્સર નિદાન કેમ્પના પ્રોજેકટ ચેરમેન તરીકે કલબના સભ્ય અને સીનીયર ગાયનેકોલોજીસ્ટ ઊર્વીબેને સેવા આપી હતી. કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ ગર્વનર નરેન્દ્ર પટેલ તેમજ અન્ય ડિસ્ટ્રીકટ પદાધિકારીઓ- સભ્યો ઉપરાંત અખિલ આંજણા કેળવણી મંડળના વડા હરીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. ફેમિના કાર્નિવલમાં ગ્રૂપ ફેશન સ્પર્ધામાં 'વેદની વીરાંગના' ગ્રૂપ પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું. આ સાથે હાઉસી ઉપરાંત પરંપરાગત શેરી રમતો લીંબુ ચમચી, કોથળા દોડ જેવી અનેક રમતો સહુ મહિલાઓએ બાળ સહજ થઈને માણી હતી તેમજ ખાણી-પીણીના વિવિધ સ્ટોલ્સ પર અવનવી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. એક આખા દિવસ માટે યોજાયેલા આનંદ મેળામાં આનંદ કેન્દ્ર સ્થાને રહ્યો હતો જે કાર્યક્રમ આયોજનનો મુખ્ય હેતુ હતો. શહેરના અનેક મહિલા અગ્રણીઓએ હાજરી આપી હતી. લાયન્સ-ફેમિના પ્રમુખ મમતા રાવલે કાર્યક્રમની સફળતાનો શ્રેય ટીમ ફેમિનાને આપ્યો હતો જ્યારે સેક્રેટરી દક્ષા જાદવ અને ખજાનચી આરતી ભટ્ટે બંને કાર્યક્રમમાં મદદરૂપ થનાર તમામનો આભાર માન્યો હતો.

# ઈવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરવા 'આપ'નું આવેદનપત્ર



ગાંધીનગર, તા.૧૦

ચુંટણીઓના પરિણામો ઘણીવાર મતદાતાઓમાં ઈવીએમ મશીન પ્રત્યે શંકા-કુશંકા જન્માવે છે અને હારેલા નેતાઓ તથા રાજકીય પક્ષો દ્વારા પણ અવારનવાર હારનું ઠીકરું ઈવીએમના માથે ફોડવામાં આવે છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓમાં પહેલીવાર ઝંપલાવનાર આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી મનપાની આગામી સામાન્ય ચુંટણીઓમાં ઈવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.





ગાંધીનગર જૈન સમાજના સેવાભાવી સંનિષ્ઠ કાર્યકરો કેતનભાઈ જે. શાહ તથા જયેશભાઈ આર. મહેતાએ કોરોના મહામારીના વિષમ સમયમાં પોતાની તેમજ પરિવારની પરવા કર્યા સિવાય સેવા આપવા બદલ શહેરના મેયર રીટાબેન પટેલના હસ્તે કોરોના વોરિયર્સ તરીકે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.



કોરોના વાયરસની મહામારીના કપરા સમયમાં સેવા કાર્ય કરવા બદલ વોર્ડ નં.૫ના કાર્યકર્તાઓને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ દ્વારા 'કોરોના વોરિયર્સ' તરીકે પ્રશસ્તિ પત્ર એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં સેક્ટર-૨ ખાતે વિશ્વ મહિલાદિનની ઉજવણી કરવામા આવી હતી. જેમાં ઉપસ્થિત મહિલાઓને સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરવામા આવ્યુ હતું. વોર્ડના સ્થાનિક નગરસેવક પાયલબેન વી. મેણાતે વડીલ મહિલાઓનું ફૂલહાર કરી સન્માન કર્યુ હતુ. એડવોકેટ ઉર્મિલાબેન સી. વર્મા દ્વારા મહિલા ઉત્સુકતા અંગે સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઓનલાઈન વિડિયો બનવાની સ્પર્ધા, 'મૂજે કુછ કહેના હૈ'



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતે આવેલી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં અભ્યાસ કરતી શાચી પ્રજાપતિએ જીટીયુ દ્વારા ૮ માર્ચે યોજાયેલી ઓનલાઇન વિડિયો બનવાની સ્પર્ધા, 'મૂજે કુછ કહેના હૈ' માં ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો. કિંજલ અધવર્યુ અને તમામ આચાર્યશ્રી અને શિક્ષકો તેમની આ સફળતા માટે અભિનંદન પાઠવે છે.

# અખિલ ભારતીય ગુરુકુળ સંસ્થાનના જિલ્લા સચિવ તરીકે રાધેશ્યામ યાદવની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સામાજિક કાર્યકર રાધેશ્યામ યાદવની અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન દ્વારા



ગાંધીનગર જિલ્લા સચિવ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. તેઓને સંસ્થાનના ગુજરાત અધ્યક્ષ સહિત પદાધિકારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાધેશ્યામ યાદવ ગાંધીનગરની ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબના પ્રમુખ હોવા સાથે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃતિઓમાં કાર્યરત છે.

# જુસિકા દ્વારા ચક્ષુદાન લેવાયું

ગાંધીનગર, તા.૧૦

કમળા બા મનુભા ચુડાસમા, ઉ.૯૪નું અવસાન થતા જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તેઓના ચક્ષુઓનું દાન તેમના કુટુંબીજન ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમાની સંમતિથી લેવામાં આવ્યું છે. આ સેવાકાર્યમાં ડૉ. વ્યોમા શાહ અને ડૉ. વેલુનો સહયોગ મળ્યો હતો. જયારે જુસિકાના કાર્યકર હિતેષ બી. રાવલ અને દિલીપભાઈ દંતાણીએ ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચાડયા હતા.

# મહા શિવરાત્રી નિમિત્તે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૧૦

મહાશિવરાત્રી નિમિત્તે સુંદરકાંડના પાઠનું આયોજન આવતીકાલે તા. ૧૧મી માર્ચના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સનફલાવર હાઈટસ, કુડાસણ ખાતે કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડના પાઠ શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સતીષકુમાર મંગળદાસ પટેલના યજમાનપદે યોજાશે.

# એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ એમબીએ ખાતે 'ડિઝાઈન થિંકિંગ' વિષયે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૯

એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ - એમબીએ કોલેજ દ્વારા સર્જન ઈકોટેકના સ્થાપક સર્જન વોટરટેકના ડિરેકટર સર્જન ત્રિવેદી દ્વારા 'ડિઝાઈન થિંકિંગ' વિષયે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે ઓસ્ટ્રેલિયાની ક્વિન્સલેન્ડ યુનિવર્સિટીમાંથી ઈનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપમાં માસ્ટર્સ કર્યા છે અને તેમના મતે ડિઝાઈન થિંકિંગ એ એક પરિવર્તનશીલ શક્તિ છે જે સંગઠનોને ઉત્પાદનો, સેવાઓ અને અનુભવો વિકસાવવામાં મદદ કરે છે જે ગ્રાહકો સાથે ગૂંથાય છે. નવીનતા મેળવવા અને સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે ડિઝાઈન અને સર્જનાત્મક વિચાર કુશળતાનો સંપૂર્ણ વિકાસ કરવાની જરૂર છે, જે બંને આજના વ્યવસાયિક વાતાવરણમાં આવશ્યક બની ગયા છે. કાર્યક્રમના આયોજનમાં સંસ્થાના ડીન ડો. ભાવિન પંડ્યા તથા ઈવેન્ટ કોઓર્ડિનેટર્સ ડો.સુનુ ગુપ્તા અને ડો.કૃપા મહેતાનો સહકાર સાંપડ્યો હતો.

# દબાણકર્તાઓને મકાનો આપ્યાં પરંતુ પાટનગર નિર્માણના અસરગ્રસ્તોને ન્યાય ક્યારે?

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરની રચનામાં છેલ્લાં પચાસ વર્ષ કરતાં પણ વધુ સમયથી પોતાની જમીનો આપનાર સાત ગામના અસરગ્રસ્તોને હજુ સુધી સરકાર દ્વારા કોઈ મકાન કે ફલેટ ફાળવવામાં આવ્યા નથી જે બાબતે અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા મહાનગરપાલિકાના કમિશનરને રૂબરૂ મળી ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત દરમ્યાન અસરગ્રસ્ત ગ્રામજનોએ રોષ ઠાલવ્યો હતો કે ગાંધીનગરમાં મહામુલી સરકારી જમીનો પર ગેરકાયદેસર અડીંગા જમાવનાર દબાણકર્તાઓને પણ સરકારે બબ્બેવાર રાહતદરે મકાનો ફાળવી દીધા પરંતુ પાટનગરના નિર્માણ માટે પોતાની જમીન આપનાર ગ્રામજનોને હજુ પણ તેમના હકથી વંચિત રાખવામાં આવ્યાં છે.

ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ પી. બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરની રચના જે સાત ગામોની જમીનો પર કરવામાં આવી છે તેના અસરગ્રસ્ત ગ્રામજનોને અંગ્રેજો કે લોકશાહીના શાસન દરમ્યાન પણ કોઈ તૈયાર ફલેટ કે મકાન ફાળવવામાં આવ્યું નથી તેમજ કોઈ આવાસ યોજના, રહેણાંક પ્લોટની ફાળવણી કે ગામતળો વિસ્તાર વધારવામાં અવ્યો નથી. ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા આ સંદર્ભે પુરતા પુરાવા સાથે તા.૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૮માં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તેમજ જિલ્લા કલેક્ટરને રજુઆત કરતા તેમણે પાટનગર યોજનાના વિભાગ-૨ના કાર્યપાલક ઈજનેરનો હકારાત્મક અભિપ્રાય પણ મેળવ્યો હતો તેમ છતાં કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી અને અસરગ્રસ્તોને અન્યાય કર્યો છે. સત્વરે આ બાબતે સરકાર હકારાત્મક નિર્ણય લઈને અસરગ્રસ્તોને ન્યાય આપે તેવી અપેક્ષા અસરગ્રસ્ત વસાહત મહામંડળે વ્યક્ત કરી છે.




વિશ્વ મહિલા દિવસે રગ્બી ફૂટબોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા રાજય અને રાષ્ટ્રકક્ષાએ વિજેતા મહિલા ખેલાડીઓને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યા હતા.

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. પટેલ નરેશભાઈ ભીખાભાઈ ઉ.વ. ૫૯, સરઢવ
- સ્વ. વાઘેલા મલપતસિંહ નાનુસિંહ ઉ.વ. ૭૪, સેકટર-૨૩
- સ્વ. ચુડાસમા કમળાબા મનુભા ઉ.વ. ૯૧, ધોળકા, અમદાવાદ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પુરી સોનીયાપુરી અમીતકુમાર ઉ.વ. ૪૬, કુડાસણ
- સ્વ. રાવલ રાજેન્દ્રકુમાર શિવશંકર ઉ.વ. ૭૨, સેકટર-૩૦